# HAPPY NEW YEAR 2011 TO ALL OUR DEAR READERS

# ખાધું, પીધું અને રાજ કીધું !

–આશા બુચ

એક વાર્તા કહું ?

એક હતી ખીસકોલી. નાની અમથી, એનું પેટ નાનું. પગ નાના.. અરે, પુંછડી પણ નાની. એના કુટુમ્બના લાલનપાલનથી ધીરે ધીરે પોષણ પામીને ભલે મોટી ન થઈ; પણ તન્દુરસ્ત અને મજબુત જરુર થઈ. બીજાં ખીસકોલાં અને સસલાં સાથે નીશાળે ગઈ, ભણીગણીને હોશીયાર થઈ. એ રહી હતી એ વગડાનો રખેવાળ તાજેતરમાં જ બદલાયો હતો, એટલે આપણી આ ખીસકોલીબહેનના વીચારો અને આદર્શો, રખેવાળની વાતો અને કામથી અનાયાસ ઘડાતા રહ્યા.

શાળાજીવન દરમીયાન મળેલાં શીક્ષણ અને કેળવણીથી એના પગમાં એવું જોર આવ્યું કે તે એના પ્રીય રહેઠાણ વડની ડાળીઓમાંથી ક્યારેક નીબન્ધલેખન, કદીક કવીતાવાચન કે વક્તૃત્વ, તો ક્યારેક સંગીત–નૃત્ય કે વાદનની ડાળો પર ચડવા લાગી. સંસ્કૃત, ચીત્રકળા અને હીન્દી પરીક્ષાઓ પાસ કરીને એ તો ભૈ, એક 'સંસ્કૃત' ખીસકોલી બની ગઈ ! આમ, એ પોતાના પરીચીત વાતાવરણમાં અને મીત્રવર્તુળ વચ્ચે ખુબ આનન્દે મોટી થવા લાગી. ઘણી બહાદુર બની, અનેક દીશાઓમાં દોડાદોડ કરીને કંઈક ને કંઈક ખોરાક મેળવવામાં પાવરધી બનવા લાગી.

આમ કરતાં કરતાં શાળાજીવન પુરું થયું. ત્યાં તો આ હરખપદુડી ખીસકોલીને કૉલેજમાં જતાં અવનવું કામ કરવાના કોડ જાગ્યા. એનું ગજું નાનું; પણ જાતજાતના સુકા મેવા ખાઈને એનું મગજ ભારે કલ્પનાશીલ બનેલું અને તેમાંયે માતાપીતા અને ગુરુજનો તરફથી દરેક પરીસ્થીતીનાં મુળ સુધી જોવાની અને જવાની દૃષ્ટી અને અચળ નીર્ણયશક્તી મળેલી. એટલે ખીસકોલીબાઈ તો ઉપડ્યાં કામ કરવા ! કોઈએ ધાર્યું નહોતું એવું કામ હોં ! કાગડીના માળામાં મુકેલ કોયલનાં બચ્ચાંને ચાંચ મારીને નીચે ફગાવી દીધાં હોય એવાં બચ્ચાં, મા વગરનાં ગલુડીયાં અને શક્તીશાળી જાનવરોના પગ નીચે અટવાઈને માર ખાઈને પોતાનાં ટોળાંથી દુર ફેંકાઈ ગયેલાં બચોળીયાંઓ વચ્ચે પહોંચીને પોતે વટથી બધાનું ધ્યાન રાખવા લાગી. પોતાને મળેલાં પ્રેમ અને કાળજી બીજાને વહેંચતી રહી અને એમાં પૈસા કમાવાનું ભુલી ગઈ. જો કે એમ કરતાં એની રુંવાટીનો રંગ ઉઘડતો ગયો, સોનેરી થતો ગયો. એનો આ ટપુકડી ખીસકોલીને તો રાજીપો જ હતો. એની આસપાસના અનુભવી જાતભાઈઓ આવી, નાનકડી ખીસકોલીને દર કે બખોલ વગરનાં બીજાં બચ્ચાંને છાંયો આપીને આ ડરામણા જંગલમાં ટકી રહેવા શીક્ષણ આપતી અને એમને પોતાના પેટજોગ ખોરાક મેળવવા તૈયાર કરતી જોઈને ખુશ થતા.

આમ કરતાં કરતાં તો ભૈ, આપણી આ ખેલકુદ કરતી ખીસકોલી એની વીસીના અન્તે પહોંચવા આવી. એને માટે સરસ મઝાનો રુપાળો, હોશીયાર અને ખંતીલો ખીસકોલો મળી ગયો, એટલે માબાપે રંગેચંગે લગન કરાવીને એને મોકલી સાસરે. થયું એવું કે દીલની એ પોચટ ખીસકોલી, જે પોતાનો વગડો છોડીને ઝાડ ઉપર ચડતાં શીખવા કે ખોરાકની શોધમાં ક્યાંય નહોતી ગઈ, એ ઠામુકી આખે આખો મુલક છોડીને ભાગી અને એ...યને જઈ પહોંચી સાવ જુદા મલકમાં. એને તો જાણે સસલાં ને હરણાં જેવાં સાથી દોસ્તોને છોડીને રાની બીલાડા, વરુ અને વાઘની વચ્ચે આવી પડ્યા જેવું લાગ્યું ! થોડા દીવસ ડરીને એ તો પોતાના ઝાડની બખોલમાં જ ભરાઈ રહી. પણ પછી બીજાં પ્રાણીઓ સાથે મૈત્રી કરવાની લાલચે અને ફરી પોતાના થનગનતા પગને દોડાદોડ–ચડઉતર કરવાની જગ્યા આપવા પોતાની બખોલમાંથી બહાર નીકળી.

વાત એમ બની કે બહેનબાને નવા વગડામાં કોઈ ઓળખે નહીં. એ કેટલી દોડાદોડ કરી શકે, ક્યાંથી ખોરાક ભેગો કરવો, ક્યાં સંતાડવો, ક્યારે, કોને, કેટલો, આપવો વગેરે જાણતી હશે કે નહીં, એ જાણવાની કોઈને પડી નહોતી. એટલે કોઈએ ‘આવ મારી બહેન, વગડાનો આટલો ભાગ તારો. જે મળે તે શોધીને પેટ ભર,’ એમ કહ્યું નહીં. તોય આપણી આ જીજ્ઞાસુ ખીસકોલી નવાં વૃક્ષો અને વાંકાચુંકા રસ્તા. પરથી પસાર થઈને અવનવા વસાહતીઓ પાસેથી રોજ રોજ કંઈ ને કંઈ નવું શીખતી. એમ કરતાં એને બચ્ચાં થયાં. પાળીપોષીને મોટાં કરેલાં એ બન્ને બચ્ચાં પણ પોતપોતાની અલગ દુનીયામાં બખોલ બનાવીને રહેવા લાગ્યાં.

વર્ષોનાં વહાણાં વાયાં. આપણી ખીસકોલીને એના નવા મુલકમાં મળતા હેઝલ નટ, ચેસ્ટ નટ કે અખરોટ જેવા મોંઘાદાટ સુકા મેવા કમાઈ લેવાની તક ન મળી. તોય એ હારીને બેસી ન રહી. આપણી શીંગને તોલે આવે એવા હૈસ ચેસ્ટ નટ ભેગા કરીને લાવતી અને બચ્ચાંનાં ભરણપોષણમાં ફાળો આપતી. શ્રીરામને સેતુબન્ધ બાંધવામાં પોતાના નાના હાથમાં રેતીના કણ લાવીને મદદ કરનાર પેલી ખીસકોલીની આ વંશજ ખરીને, એટલે. હવે તો એ મુલકમાં રહ્યાને ઘણાં વર્ષો થયાં. કુદક–કુદક કરતી એ ખીસકોલીના જીવનમાં સાંજ પડવા આવી. એના જીવનમાં પાનખર આવીને બેઠી છે. અનેક તડકાછાંયા જોઈને ધીરી પડેલી ચંચળ ખીસકોલી શીયાળામાં નભવા કામ આવે એટલે પોતાના બગીચામાં ધરબીને રાખેલો ખોરાક શોધી, એકલી, પોતાની બખોલ પાસે બેઠી છે. પોતાનાં મુલકમાં ભાઈભાંડરડાં અને દોસ્તોને છોડીને આવી છે. એ સૌને ક્યારે મળાશે એમ વીમાસણ કરતાં કરતાં રાત પડી અને એ ઝોલે ચડી છે.

શ......., કોઈ બોલશો નહીં, કંઈ પણ....

આપણી આ ખાસ ખીસકોલીએ તો ખાધું, પીધું અને પોતાના મન પર રાજ કીધું છે.

–આશા બુચ

સર્જક–સમ્પર્ક: -

આશા બુચ – 71- Half Edge Lane, Eccles, Manchester, M30 9AZ, UK
Phone: 0161 789 2856 eMail: ten_men@hotmail.com

વીચારપત્ર ‘નીરીક્ષક’ (તંત્રીશ્રી પ્રકાશ ન. શાહ – prakash.nirikshak@gmail.com અને દેશાવરના સહયોગી તંત્રીશ્રી વીપુલ કલ્યાણી – vipoolkalyani.opinion@btinternet.com )ના તા. 1-10-2010ના અંકમાંથી સાભાર.. ‘નીરીક્ષક’ પાક્ષીકના અંકો નીયમીત ઈન્ટરનેટ પર વાંચવા તમે તંત્રીશ્રીઓને ઈ–મેઈલ લખશો તો તમને તેઓ પીડીએફ જરુર મોકલશે..

‘સન્ડે ઈ–મહેફીલ’ના આ અંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર ન્યુ જર્સી–અમેરીકાના પ્રસીદ્ધ હાસ્યલેખક ભાઈ શ્રી હરનીશ જાની (harnish5@yahoo.com)નો ખુબ ખુબ આભાર...

–બળવન્ત પટેલ અને ઉત્તમ ગજ્જર

♦●♦

‘સન્ડે ઈ–મહેફીલ’ – ‘વર્ષ: છઠ્ઠું– અંક: 208 – January 02, 2011

‘ઉંઝાજોડણી’માં **અક્ષરાંકન:** ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com

♦●♦●♦

**More than 62,60,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com**
**More than 6,15,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com**
**More than 92,500 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com**

**You too are invited to visit Gujaratilexicon with a new interface.**

દર પખવાડીયે મોકલાતી ‘સન્ડે ઈ–મહેફીલ’ની આ વીવીધરંગી વાચનયાત્રા માણવા ઈચ્છતા મીત્રોએ uttamgajjar@gmail.com ને માત્ર પોતાનું સરનામું મોકલવું પુરતું છે.

♦●♦●♦●♦

The Articles of all the ‘Sunday eMahefil’s can easily be downloaded from our website:
http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM

♦●♦●♦●♦●♦

‘સન્ડે ઈ–મહેફીલ’ – ‘વર્ષ: છઠ્ઠું– અંક: 208 – January 02, 2011

‘ઉંઝાજોડણી’માં **અક્ષરાંકન:** ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com

@@@@@